# ફિલ્મમાં કામ કરવાનો 'ગોલ' દરેક એકટરનો હોવો જોઈએ : મનોજ જોષી

ગાંધીનગર, તા.૨૮

ફિલ્મો કરતા નાટકમાં કામ કરવાની મજા કાંઈક અલગ છે. નાટક મારો પ્રાણ છે. નાટક સાથે સ્પંદનો જોડાયેલા છે. નાટક જેવા ફિલીંગ્સ ફિલ્મોમાં આવતા નથી. માં ના ખોળામાં સુવાથી સ્વર્ગ મળે તેવી જ કાંઈક અનુભૂતિ નાટકમાં પરફોર્મ કરવાથી થાય છે. ૮૩ હીન્દી અને ૨૦ મરાઠી ફિલ્મોમાં કામ કર્યું છે. તેમણે જણાવ્યું હતું કે ફીલ્મોમાં કામ કરવાનો ગોલ દરેક એકટરનો હોવો જોઈએ. પ્રત્યેક એકટરને સિરીયલ અને ફિલ્મ વચ્ચે બેલેન્સ જાળવતા આવડતું નથી. નાટક મારો પ્રાણ છે. તેમાં કામ કરવાની મને વધુ મજા આવે છે. તસવીર અને જીવંત માણસ વચ્ચે જે ભાવના



(તસવીર : દિપક જાની)

બોલીવુડની વિવિધ ૮૩ જેટલી ફિલ્મોમાં હલકા ફુલકા રોલમાં આગવી અભિનય શૈલીથી શ્રોતાઓના હૃદયમાં ચહીતું સ્થાન મેળવનારા જાણીતા અભિનેતા મનોજ જોષી હાલ ગાંધીનગરમાં મહેમાન બન્યા છે. કલ્ચરલ ફોરમ આયોજિત નાટક 'મન મળે ત્યાં મેળો'માં શૉ પરફોર્મ કરતા 'ચાણકય ફેઈમ' અભિનેતા કવોલીટી બેઈઝ ફિલ્મોમાં જ કામ કરવાનું પસંદ કરે છે. ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ અંગે તેઓ જણાવે છે કે આ એવું માર્કેટ છે જયાં કન્ઝયૂમર છે પણ દુકાનો જ નથી!! તેમના મતે ફિલ્મમાં કામ કરવાનો ગોલ દરેક એકટરનો હોવો જોઈએ. જો કે ગુણવત્તા મુજબ હીન્દી ફીલ્મોમાં કામ ન મળ્યું હોવાની નારાજગી પણ તેમણે વ્યકત કરી હતી.

**નાટક જેવી ફિલીંગ્સ ફિલ્મોમાં કામ કરતી વખતે આવતી નથી : ગુજરાતી ફિલ્મ ઉદ્યોગમાં કન્ઝયૂમર છે પણ દુકાનો જ નથી!!**

રંગભૂમિના તખતાથી લઈ ટેલીવીઝન અને બાદમાં બોલીવુડના બીગ સ્કીન પર અભિનયનો જાદુ પાથરતા જાણીતા અભિનેતા મનોજ જોષીને સ્કુલ ટાઈમથી જ નાટકમાં કામ કરવામાં રસ હતો. તેમના જણાવ્યા મુજબ દરેક માધ્યમમાં કામ કરવાનો ચાન્સ દરેક અભિનેતાને મળતો નથી તેમની 'એક મહેલ હો સપનો કા સિરીયલ' રીલીઝ થઈ ત્યારે ટફ કોમ્પિટીશન ન હતી. આ તબક્કે માત્ર પૈસા કમાવવા જ તેમણે સીરીયલમાં કામ કરવાનું સ્વીકાર્યું હતું. પરંતુ મૂળ લક્ષ્ય ફિલ્મોમાં સ્થાન મેળવવાનો હતો. તેમણે અત્યાર સુધી ઉદભવે તેવો જ તફાવત નાટક અને ફિલ્મોમાં કામ કરવાથી અનુભવાય છે. નાટક જે ફીલીંગ્સ આપે છે તે ફિલ્મો કયારેય આપી શકતી નથી. હીન્દી ફિલ્મ ઉદ્યોગને ગુજરાત સૌથી વધુ બિઝનેસ આપે છે. આગામી ગુજરાતી ફિલ્મોમાં પણ કામ કરવાનું છે. હાલ ગુજરાતી ફિલ્મ જગતમાં કન્ઝયૂમર છે પણ દુકાનો જ ન હોય તેવી સ્થિતિ છે. સારું પિરસનાર મળશે તો સારી ફિલ્મો પણ આપશે. જો કે હાલના સમયમાં મૌલિક લેખકો ન રહ્યા હોવાનું દુખ તેમણે વ્યકત કર્યું હતું. પોતાને ગુણવત્તા મુજબ હીન્દી ફિલ્મોમાં કામ ન મળ્યું હોવાની નારાજગી પણ તેમણે વ્યકત કરી હતી.

ગાંધીનગરમાં ત્રીજી વાર નાટકની પ્રસ્તુતિ અર્થે આવેલા અભિનેતા મનોજ જોષી સાબરકાંઠા જિલ્લના વતની છે. ચાર વર્ષ અગાઉ ચાણકયનો રોલ અદા કરી શ્રોતાઓના મન જીતી લીધા હતા. ગુજરાતી હોવાનો ગૌરવ અનુભવતા મનોજભાઈના પિતા અને દાદા પણ સંસ્કૃતના વિદ્વાન હોવાથી ઐતિહાસિક પાત્રો અને સંસ્કૃતિ પ્રત્યે તેમને વિશેષ લગાવ છે. આગામી તબકકામાં તેમને 'વિવેકાનંદ'ન પાત્રને લઈ કામ કરવું છે. હાલનું નાટક 'મન મળે ત્યાં મેળો' ખૂબ જ અદભૂત છે. જેમાં ખેડૂતોની આત્મહત્યા, ભ્રષ્ટાચાર સહિત વિવિધ ૧૭ મુદ્દાઓ આવરી લેવાયા છે. આધુનિક સમયના પ્રવાહમાં સુખ દુખના સમીકરણોને બયાન કરતું આ નાટક છે.

# ગાંધીનગરમાં 'આપ'નો ઉદય

## આમ આદમી પાર્ટીનું સોમવારથી શહેરમાં અનોખું સફાઈ અભિયાન : સે-૧માં પાર્ટીના નવા કાર્યાલયનું ઉદઘાટન કરાયું : શહેરને ગંદકી અને ભ્રષ્ટાચાર મુકત કરવા પ્રયાસ કરાશે : કાર્યકરો હાથમાં ઝાડુ લઈ નીકળશે

ગાંધીનગર, તા.૨૮

આમ આદમી પાર્ટી દ્વારા આવતીકાલે શહેરમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે. દિલ્હીના નવા મુખ્યમંત્રી તરીકે આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે આજે શપથ લીધા હતા. બીજી તરફ ગાંધીનગરમાં સે-૧ ખાતે પાર્ટીનું કાર્યાલય શરુ કરવામાં આવ્યું હતું. આમ આદમી પાર્ટીના કાર્યકરો સોમવારથી શહેરમાં ગંદકી અને ભ્રષ્ટાચાર દૂર ભગાવવાના ઈરાદા સાથે હાથમાં ઝાડુ લઈ અભિયાન હાથ ધરશે.

આમ આદમી પાર્ટી દ્વારા આજે ગાંધીનગરમાં સે-૧ ખાતે નવા કાર્યાલયની શરૂઆત કરવામાં આવી હતી. પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે દિલ્હીના મુખ્યમંત્રીપદે શપથવિધિ લેતા આ નિમિત્તે આજે આમ આદમી પાર્ટીએ તેનું કાર્યાલય શરુ કર્યું હોવાનું પાર્ટીના અગ્રણીઓએ જણાવ્યું હતું. આ તબક્કે ઉપસ્થિત આમ આદમી પાર્ટીના ગુજરાતના નેતા સુખદેવ પેટલે જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટીમાં શહેરમાંથી ૪૦૦ જેટલા નાગરિકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. પાર્ટીના એજન્ડામાં આગામી સોમવારે શહેરમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે. જેમાં સવારે ૭ વાગે પાર્ટીના કાર્યકરો હાથમાં ઝાડુ લઈ એક સ્થળે એકત્રિત થશે ત્યારબાદ શહેરના વિવિધ સ્થળોએ સફાઈ ઝુંબેશ શરુ કરવામાં આવશે. આ સફાઈ કામગીરી ઉપરાંત સરકારી કચેરીઓમાંથી ભ્રષ્ટાચારના બોરીંગને ડામવા પણ પ્રયાસો શરુ કરી દેવાશે. આમ નાગરિકોને તેમના હક્કો મળી રહે તે દિશામાં આમ આદમી પાર્ટી પ્રયત્નશીલ રહેશે. સમાજમાં તંદુરસ્ત વાતાવરણ ઉભું કરવા સાથે વહીવટમાં પારદર્શકતા આવે તે માટે જાગૃતિ લાવવા પ્રયાસો કરાશે. વધુમાં આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને પણ નાગરિકોનો અભિપ્રાય મેળવી આમ આદમી પાર્ટી પ્રતિનિધિઓની ઉમેદવારી નક્કી કરશે. આમ આદમી પાર્ટીના નવા કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે શહેરની સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ ઉપરાંત સિનિયર સિટીઝન્સ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.






(તસવીર : દિપક જાની)

# ગુજરાતની કુલ ૨૬ લોકસભા બેઠક જીતવા ભાજપની તૈયારી

## માઈક્રો પ્લાનિંગ પર ભાજપે કામગીરી હાથ ધરી : ચોથીથી ૧૦મી જાન્યુઆરી દરમિયાન રાજયના નવહજાર કેન્દ્ર ઉપર વિશેષ કાર્યક્રમ : ભાજપની આક્રમક વ્યૂહરચના

અમદાવાદ, તા.૨૮

ગુજરાતની તમામ ૨૬ લોકસભાની બેઠકો જીતવા માટે ભાજપે માઈક્રો પ્લાનિંગની યોજના પર કામ શરૂ કરી દીધુ છે. આના ભાગરૂપે આક્રમક અને બિલકુલ નીચલા સ્તર પર પક્ષને મજબુત કરવાના પ્રયાસો શરૂ કરવામાં આવી ચુકયા છે. લોકસભા ચૂંટણીના તમામ પડકારો ઝીલવા ભાજપે તૈયારી દર્શાવી છે. કાર્યકરોની કટિબદ્ધતાને ધ્યાનમાં લઈને આના માટેની તૈયારીઓ હાથ ધરાઈ છે. ગાંધીનગર ખાતે ગઈકાલે ભાજપના પ્રમુખ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં તેમજ પ્રદેશ પ્રભારી ઓમ માથુર અને કિસાન મોરચાના રાષ્ટ્રીય પ્રભારી પરશોત્તમ રૂપાલાની ઉપસ્થિતિમાં ભાજપાની પ્રદેશ બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા આગામી ૪ થી ૧૦ જાન્યુઆરી દરમ્યાન રાજયના ૯૦૦૦ શક્તિકેન્દ્રો પર જનાર વિસ્તારકોને કાર્યયોજના અને શક્તિ કેન્દ્ર પરથી કામગીરી વિશે પ્રદેશ મહામંત્રીભરતભાઈ પંડ્યાએ તેમજ પ્રદેશ ઉપાધ્યક્ષ કૌશિકભાઈ પટેલે સ્ટેચ્યુ ઓફ યુનિટી કાર્યક્રમ અંતર્ગત ચૂંટાયેલા સભ્યો સમક્ષ તેની વિસ્તૃત માહિતી આપી હતી. બેઠકના અંતે પ્રદેશ પ્રભારી ઓમ માથુરે ઉપસ્થિત સભ્યોને ગુજરાતનું સંગઠન અને ગુજરાતની સરકાર સમગ્ર દેશમાં એક નમૂનારૂપ હોવાની કબૂલાત કરી હતી. પ્રદેશ બેઠકમાં ઉપસ્થિત પ્રદેશ હોદ્દેદારો જીલ્લા મહાનગરના પ્રભારીઓ મોરચાના અધ્યક્ષો લોકસભા રાજયસભાના સાંસદો તેમજ લોકસભા બેઠકોના ઈન્ચાર્જોને આવકારતા પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુએ આગામી લોકસભા ચૂંટણીના તમામ પડકારોને ઝીલવા ગુજરાત ભાજપા સજ્જ છે તેવું જણાવી ઉમેર્યું હતું કે, આપણા નેતૃત્વ અને ભારતીય જનતા પાર્ટી સામે અનેક અવરોધ આપણા વિરોધીઓ લાવી રહ્યા છે છતાં નેતૃત્વની પ્રતિબદ્ધતા અને કાર્યકરોની કટિબદ્ધતાની તાકાતથી સંઘર્ષોમાંથી પણ ભાજપ હંમેશા ખરૂં ઉતર્યું છે, તેજસ્વી બન્યું છે. આપણો આ સંદેશો અને સામર્થ્ય સમગ્ર રાજયના કાર્યકર્તાઓ સુધી પહોંચાડીએ.

તા. ૨૬ ડિસેમ્બરના રોજ આવેલ કોર્ટના ચુકાદા અંગે તેમજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને સત્યના વિજયની ભુમિકા બેઠકમાં ઉપસ્થિત સભ્યોને આપતાં પ્રદેશ મહામંત્રી વિજય રૂપાણીએ ભાજપની રાજ્ય સરકારના એક વર્ષના શાસનને અભિનંદન આપતો પ્રસ્તાવ રજુ કર્યો હતો.

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા સે-૩ અને ૫ના હોદ્દેદારોની નિયુકિત કરવામાં આવી છે.
- જાણીતા અભિનેતા શ્રી મનોજ જોશી આજે રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને મળ્યા હતા.
- પત્રકાર અશ્વિન વ્યાસના નિવાસસ્થાને આનંદનો ગરબો યોજાયો હતો.
- આજે રવિવારની રજા હોવાથી શહેરમાં વિવિધ સંગઠ્નોના સ્નેહમિલનો યોજાયા છે.
- ૩૧મી ડિસેમ્બરની ઉજવણી માટે ગાંધીનગરમાં ભારે તૈયારીઓ ચાલી રહી છે. ઈન્ફોસીટી કલબ ખાતે તથા બોહરા સ્ટુડીયોના સંકુલમાં આર્ટ લવર્સ દ્વારા 'ડીજે પાર્ટી'નું આયોજન કરાયું છે.

# કલ્ચરલ સ્કુલ ઓફ એકટીંગ ગાંધીનગરના તાલીમાર્થીઓ દ્વારા આજે લાઈવ પર્ફોમન્સ

## સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ઓડીટોરીયમમાં યોજાનાર કાર્યક્રમમાં તમામ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરાશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સંચાલિત કલ્ચરલ સ્કુલ ઓફ એકટીંગના ૧૨ તાલીમાર્થીઓ દ્વારા ૨૮મી ડિસેમ્બર, રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ઓડીટોરીયમ સે-૧૭ ખાતે લાઈવ પરર્ફોમન્સ રજુ કરવામાં આવશે. આવતી કાલે યોજાનાર આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ગાંધીનગરના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા ઉપસ્થિત રહેશે. કલ્ચરલ સ્કુલ ઓફ એકટીંગના તમામ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવશે તેમ ડાયરેકટર પ્રકાશભાઈ લાલાએ જણાવ્યું છે.

# મહાભાગવત પુરાણનું જે શ્રવણ કરે તેને પ્રભુ પાસે જવાનો માર્ગ મોકળો થાય છે

## સમદર્શન ખાતે શ્રીમદ ભાગવત કથાનો સમાપન સમારોહ યોજાયો

તા. ૨૭-૧૨-૨૦૧૩ના બપોરના કથા સમાપ્તિના આખરી સત્રમાં પૂ. ગરૂમાએ જણાવ્યું કે ઉદ્ધવજી પૂછે છે કે આ યોગસાધના મને ખૂબ કઠીન લાગે છે. ભગવાન તેઓને અચ્યુતપદને પ્રાપ્ત કરવા ભાગવતધર્મનો ઉપદેશ આપે છે. ભગવાન કહે છે કર્મો મને અર્પણ કર. ચિત્ત અને મનની ગતિ મારા તરફ વહાવ. સાધુ સંતોનો સત્સંગ કરી તેમના ઉપદેશનું આચરણ કર. સર્વે જીવોમાં મારા દર્શન જે ઈચ્છે તે કઠોર હોય કે કોમળ પરંતુ તેનામાં રહેલા સ્પર્ધા, અસુયા અને અહંકારના ભાવો દૂર થશે. આવી ભગવતભકિતથી અતંરનો અંધકાર દૂર થઈ સર્વે સંશયોનો ત્યાગ કરી મનુષ્ય પરમગતિને પામે છે.



ઉદ્ધવને ભગવાનને થોડી જવાનું ગમતું નથી. પરંતુ પ્રભુના આદેશને ધારણ કરી પ્રાર્થના કરે છે અને કહે છે મને આલંબન આપતા જાવ. ભગવાન ઉદ્ધવ ને તેમની ચરણપાદુકા આપે છે. જેને ઉદ્ધવ મસ્તક પર મુકી ત્યાંથી વિદાય લે છે. ઉદ્ધવ ત્યાં વિદુરને મળી બદ્રિકાશ્રમ પહોંચે છે ભગવાને આપેલા નિયમોનું પાલન કરી અંતે પરમગતિને પામે છે.


ત્યારબાદ પુનઃ ભગવાન યદુવંશીઓને કહે છે આપણે બાધા પ્રભાસપાટણ જઈએ ત્યાં યત્રયાગાદિ કરી ભગવાનની પૂજા કરીશું. રથ દ્વારા પ્રભાસપાટણની યાત્રા કરે છે. પરંતુ ઋષિઓના શાપને કોણ મિથા કરે? ભગવાનની માયાના કારણે યદુવંશીઓ ભાન ભૂલીને અંદરોઅંદર ઝઘડવા લાગ્યા અને અંતે યદુવંશીઓ નષ્ટ થઈ જાય છે. આનાથી કૃષ્ણ સંતોષનો શ્વાસ લે છે. છેવટે બલરામજી સમાધિ લગાવે છે આંખો બધ કરી પોતાનું શરીર યોગાગ્નિમાં ભસ્મ કરી દે છે. કૃષ્ણ પણ પીપળના વૃક્ષની નીતે ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી ટેકો

● અનુસંધાન પાન-૭ પર



પ્રેમધારા વિદ્યાલયના વિદ્યાર્થીઓ ખેલમહાકુંભમાં અન્ડર-૧૬ હોકી સ્પર્ધમાં સ્ટેટ ચેમ્પિયન બનતા ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. ગાંધીનગરના ખેલાડીઓનો રાજયકક્ષાનો આ વિજય નગરના રમત જગત માટે ગૌરવરૂપ બન્યો છે. સંસ્થાના સંચાલક મંડળે વિદ્યાર્થીઓને અને કોચને વિશિષ્ટ અભિનંદન પાઠવી બિરદાવ્યા હતા.

## ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિએ
### સ્વ. શ્રી તુલસીદાસ ઉગરચંદ પરમારને શ્રદ્ધાંજલિ



જન્મ તારીખ ૪-૬-૧૯૦૯

અવસાન તારીખ ૨૯-૧૨-૨૦૦૯

શતાયુ ઉજવણી તા. ૪-૧૦-૨૦૦૯

લિ.

સોમાભાઈ દાનાભાઈ પરમાર (મો. ૯૪૦૮૨૨૯૪૪૮)
સુનિતાબેન એસ. પરમાર (મો. ૯૯૭૮૯૭૮૩૮૧)
ઉદયકુમાર તુલસીદાસ પરમાર (ફોન : ૨૩૨૩૪૬૬૭)
લલિતાબેન ઉદયકુમાર પરમાર
ડો. કનુભાઈ વિશરામભાઈ પરમાર
ઉદિતાબેન કનુભાઈ પરમાર
કમલેશકુમાર તુલસીદાસ પરમાર
ભાવનાબેન કમલેશકુમાર પરમાર
તથા સમસ્ત પરમાર પરિવાર

'અનુરાગ', પ્લોટ -૧૮૮, આનંદનગર સેક્ટર-૨૭, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૮૪૮૫

## ટેન્ડર નિવિદા

ઉપાધ્યક્ષ અને મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, એરફોર્સ સ્ટેશન સામે, સેક્ટર નં. ૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ની કચેરી માટે વાર્ષિક વપરાશમાં લેવામાં આવનાર સ્ટેશનરી માટે આ અંગેનો જથ્થાબંધ વ્યવસાય કરતાં વેપારી/ડીલર્સ/ વિક્રેતાઓ અને સેલટેક્ષ નંબર ધરાવતી પાર્ટીઓ પાસેથી અંદાજીત રૂપિયા છ લાખની ખરીદીના ટેન્ડર મંગાવવામાં આવે છે. નિયત થયેલ કોરા ટેન્ડર ફોર્મ તા. ૧/૧/૨૦૧૪થી તા. ૧૦/૧/૨૦૧૪ સુધી કચેરી કેશ સ્વીકાર સમય દરમિયાન બપોરે ૧૬.૦૦ કલાક સુધીમાં આ કચેરીની સ્ટોર શાખા (ભોંયરામાં) ખાતે રૂ. ૬૦૦/- ટેન્ડર ફી રોકડા જમા કરાવ્યેથી મળશે. તેમજ ટેન્ડર અંગેની વિગતો / સ્પેશીફિકેશન / શરતો બોર્ડની વેબસાઈટ www.gmbpors.org પરથી જોઈ શકાશે. અર્નેસ્ટમની રૂ. ૬,૦૦૦/- ડી.ડી./એફ.ડી.આર.થી ભરવાની રહેશે. ટેન્ડર ફી / અર્નેસ્ટમનીની મુક્તિ માટે સક્ષમ અધિકારીનું છેલ્લી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. ભરેલ ટેન્ડર તા. ૧૮/૧/૨૦૧૪ના ૧૭:૦૦ વાગ્યા સુધીમાં મળે તે રીતે ભાવો રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલી આપવાના રહેશે. ભરેલ ટેન્ડર શક્ય હશે તો તા. ૨૧/૧/૧૪ના રોજ ૧૬:૦૦ કલાકે ખોલવામાં આવશે.

માહિતી/૨૦૨૦/૧૩-૧૪

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

પરાગ પટેલ (જાંબુ) મો. ૯૫૧૧૫૮૫૨૭૯
રજનીભાઈ શાહ મો. ૮૮૬૬૧૦૮૬૬૨
નરેન્દ્ર પટેલ (શંભુ) મો. ૯૮૨૪૦૫૪૨૧૪
દિવાની ટાઈલ્સ
રબ્બર અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ તેમજ ફીટીંગ કરી આપવામાં આવશે
જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, રાંધેજા, ગાંધીનગર

Since 1986
અભય
Government Approved Contractor
• Corporate Gathering
• Celebrations • Exhibitions
• Marriage • Reception
• Parties • Seminars
Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical
ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com